Received on : 16-06-2026
Registered on : 16-06-2026
Decided on : 22-06-2026
Duration : Y M D
- -

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૮૨/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** હરેશભાઈ જેરામભાઈ પરમાર,
ઉ.વ.૪૯, ધંધો–વેપાર,
રહે. કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટ, ઝાંઝરડા રોડ,
જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** ધી.નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ

**સંદર્ભ :–** ફોજદારી કેસ નં.૨૨૨/૨૦૨૫ ના કામે

---

અરજદાર/આરોપી નં.૧ તરફે : વિ.વકીલશ્રી બી.એન.મેનન
સામાવાળા નં.૧ શ્રી સરકાર તરફે : વિ. પી.પી.શ્રી વી.જી.દોંગા
સામાવાળા નં.૨ તરફે : વિ.વકીલશ્રી આર.પી.ભટ્ટ

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ તથા ફોજદારી કેસ નં.રરર/ર૦રપ ના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-ર૦ર૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(ર) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી વી.જી.દોંગાનાઓ હાજર થયેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી બી.એન.મેનનનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, હાલના કામે અરજદાર/આરોપી પકડ વોરંટના કારણે પકડી લેવામાં આવેલ નથી પરંતુ હાલના કામના અરજદાર/આરોપી કોર્ટમાં અન્ય કામે હાજર હોય તે વખતે તેઓને પકડવામાં આવેલ છે. આ કામના અરજદાર/આરોપી વેપારી માણસ છે અને બે કાળકો છે અને તેઓ અભ્યાસ કરે છે. તેમજ તેઓ કોઈ ક્રિમીનલ બેક ગ્રાઉન્ડ ધરાવતા નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપી જુનાગઢ ખાતે દુકાન આવેલ છે જે મોર્ગેજ કરાવેલ છે. તેમજ તેઓ અન્ય મિલકતો પણ ધરાવે છે તેમજ તેઓ જુનાગઢ ખાતે કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટમાં ભાડેથી રહે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામનો ગુનો ધ્યાને લેતા નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેનો છે. વધુમાં ટ્રાયલકોર્ટ સમક્ષનો હાલનો ફોજદારી કેસ નં.રરપ/ર૦રપ ના કામે વિ.મેજીસ્ટ્રેટ ધ્વારા ૧૦ હજારના સધ્ધર જામીન આપવાનો હુકમ કરેલ હતો. જે હુકમ અન્વયે જામીન આપવાના છે તેવી હકીકત હાલના અરજદાર/આરોપી જાણતા ન હતા. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના

અરજદાર/આરોપી સામે અન્ય નેગો.ઈન્સ્ટ્રુમમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો કેસ ચાલુ છે. જેમાં કોઈપણ કામમાં હાલના કામના અરજદાર/આરોપી સામે વોરંટ ચાલતું નથી. આમ, હાલના કામના અરજદાર/આરોપી નાસી ભાગી જાય તેમ નથી તેથી તેમજ જે શરતો ફરમાવવામાં આવશે તો તમામ શરતો પાળવા તૈયાર છે જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી વી.જી.દોંગાનાઓએ રજુઆત કરી યોગ્ય તે હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) જયારે સામાવાળા નં.ર તરફે વિ.વકીલશ્રી આર.પી.ભટ્ટનાઓએ આંક–૦૮ થી વાંધા જવાબ દલીલ રજુ રાખેલ છે જે ધ્યાનમાં લેવામાં આવેલ છે. તેમાં રજુઆત રહેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ વોરં ટની સામે ટ્રાયલકોર્ટમાં હાજર નહી રહેતા વોરંટ કાઢવામાં આવેલ અને તે કારણે પકડાઈ જતા જેલમાં મોકલવાનો હુકમ કરવામાં આવેલ. અરજદારે ટ્રાયલકોર્ટ સમક્ષ જામીન અરજી કરતા તે નામંજુર કરવામાં આવેલ. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી સામે ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નં.૨૨૨/૨૦૨૫ થી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરેલ જેમાં સમન્સ બજતા હાલના કામના અરજદાર/આરોપી તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ હાજર થયેલ. ત્યારબાદ ટ્રાયલકોર્ટ ધ્વારા જુદી જુદી મુદત કરવામાં આવેલ હતી પણ એકપણ મુદતે તેઓ હાજર રહેલ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને રૂા.૧૦ હજારના સધ્ધર જામીન આપવાનો હુકમ કરેલ હોવા છતાં તેવા કોઈ જામીન રજુ કરેલા નહી. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીનું જુનાગઢ ખાતે મકાન આવેલ હતું તે વેચાઈ ગયેલ છે.

જયારે હાલના કામે અરજદાર/આરોપીની દુકાન આવેલ છે તે બેન્કમાં મોર્ગેજ રહેલ છે જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તે નાસી ભાગી જાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. હાલના કામના અરજદાર/આરોપી સામે અન્ય ૪ ફરીયાદો પણ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી ટ્રાયલકોર્ટ સમક્ષ ચાલતા હાલના ફોજદારી કેસ નં.૨૨૨/૨૦૨૫ ના કામે ૨૦૧૬ માસ કરતા વધુ સમયથી હાજર રહેલ નથી તેમજ આ કામના અરજદાર/આરોપીની પુત્રી જુનાગઢ બહાર અભ્યાસ કરે છે અને પુત્ર વિદેશમાં અભ્યાસ કરે છે જેથી અરજદાર/આરોપીને તેમના સંતાનોની કોઈ જવાબદારી નથી. તે સંજોગોમાં અરજદાર તેમની પત્નીને લઈને જુનાગઢ છોડીને જતા રહે તો હાલના કામના સામાવાળા નં.૨/મુળ ફરીયાદી ધ્વારા દાખલ કરેલ કેસનો કોઈ મતલબ રહેશે નહી જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ ધ્યાને લીધું. આ કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના સામાવાળા નં.૨ એટલે કે મુળ ફરીયાદી ધ્વારા ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નં.૨૨૨/૨૦૨૫ થી હાલના કામના અરજદાર/આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ જે ફરીયાદ અન્વયે ટ્રાયલકોર્ટ ધ્વારા આરોપીને ૧૦ હજારના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને સદર કેસમાં હાજર ન રહેતા તેઓની સામે પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હતું. ત્યારબાદ આ પકડ વોરંટના આધારે હાલના કામના અરજદાર/આરોપીને પકડીને ટ્રાયલકોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ટ્રાયલકોર્ટ ધ્વારા હાલના કામના અરજદાર/આરોપીની જામીન અરજી લગત હુકમ

કરી જામીન અરજી નામંજુર કરવામાં આવેલ હતી. આમ, હાલના કામના અરજદાર/આરોપી તા.૧૦/૦૬/૨૦૨૬ થી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેતા નેગોશીએશલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ અન્વયેનો રહેલ છે. આમ, વધુમાં સદરહુ હકીકત ધ્યાને લેતા તે કવાસી સીવીલ અને કવાસી ક્રિમીનલ રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેની અન્ય ૪ ફરીયાદો દાખલ કરવામાં આવેલાનું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી લાંકા સમયથી કસ્ટડીમાં રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી સામે અન્ય ચારેય પૈકી કોઈ ગુનામાં પકડ વોરંટ ચાલતું હોય તેવું જણાય આવતું નથી. વધુમાં હાલના કામનો કેસ ટ્રાયલકોર્ટ સમક્ષ રહેલ કેસોના ભારણને ધ્યાને લેતા પણ સમય જાય તે હકીકત નકારી શકાય તેમ નથી. વધુમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નિયમીત કોર્ટમાં હાજર નહી રહે તેવી ફરીયાદી તર્ફેની રજુઆત બાબતે આરોપીની હાજરી બાબતે યોગ્ય શરત કરી શકાય તેમ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે. તે હકીકત પણ ધ્યાને લેવાની રહે છે. આમ, ઉપરોકત સંજોગોમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયી અને ઉચિત જણાય છે. તેથી જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

– હાલના અરજદાર/આરોપી હરેશભાઈ જેરામભાઈ પરમાર, રહે. કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટ, ઝાંઝરડા રોડ, જુનાગઢવાળાની ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

– હાલના કામના અરજદાર/આરોપીએ રૂા.૩૦,૦૦૦/– જામીન તથા જાત મુચરકો તથા રૂા.૨૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ હજાર પુરા) રોકડા રોકડ જામીનગીરી પેટે નીચેની કોર્ટમાં જમા કરાવ્યેથી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

– અરજદાર/આરોપીએ જામીન ટ્રાયલ કોર્ટમા આપવા.

– વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ પોતાનું કાયમી સરનામુ ટ્રાયલ કોર્ટમાં સોગંદ ઉપર જાહેર કરવું .

– આ હુકમની જાણ હકુમત ધરાવતી કોર્ટ તથા પોલિસ સ્ટેશનને કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)